**Samvid Multidisciplinary Research Journal**

Where researchers meet their destiny...

ISSN 2582-015X



# વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના લેખોમાં પ્રગટ થતી એમની રસવિચારણા

**ડૉ. આરતીબેન જી. પટેલ**

આચાર્યા,

ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ  કોલેજ, ડીસા

મો. ૯૪૨૭૬૪૦૧૧૧

---

**સંશોધન સાર (Abstract):**

પ્રસ્તુત સંશોધન લેખમાં ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના રસ, સૌન્દર્ય અને આનંદ વિષયક તાત્ત્વિક વિચારોનું ગહન વિશ્લેષણ કરવામાં આવ્યું છે. લેખક જીવનને એક અસીમ અને પ્રવાહરૂપ સામગ્રી ગણાવે છે, જેને સર્જક પોતાની પ્રજ્ઞા અને કલ્પના દ્વારા સહેતુક 'ઘાટ' આપી સાહિત્યકૃતિમાં રૂપાંતરિત કરે છે.

આ અભ્યાસમાં ત્રિવેદીજીના રસ અને સૌન્દર્ય વચ્ચેના સૂક્ષ્મ તફાવતને ઉજાગર કરવામાં આવ્યો છે; જ્યાં રસ એ કાલક્રમમાં વહેતી પ્રક્રિયા છે, જ્યારે સૌન્દર્ય એ કૃતિના અવગાહનને અંતે થતો અખંડ અને યુગપત્ સાક્ષાત્કાર છે. સંશોધન દર્શાવે છે કે રસવિચારણા કેવળ જડ શાસ્ત્રીય નિયમો પર નહીં, પરંતુ ભાવકની 'સંસ્કાર-સંવિત્' અને 'સાપેક્ષતા' પર આધારિત છે. લેખકે પ્રારંભિક આલંકારિકોના 'રસાભાસ'ના ખ્યાલની ટીકા કરી, સાહિત્યમાં આધુનિક જીવનમૂલ્યો અને બદલાતા સામાજિક સંસ્કારોના પ્રભાવને સ્વીકારવાની હિમાયત કરી છે.

અંતમાં, આ લેખ નાટ્ય અને કાવ્યના આસ્વાદમાં 'તટસ્થતા'ની અનિવાર્યતા અને મનુષ્યની 'રસપરામર્શ-શક્તિ'ની સતત વિકસતી પ્રકૃતિ પર પ્રકાશ પાડે છે. સમગ્રપણે જોતા, વિષ્ણુપ્રસાદની રસવિચારણા ભારતીય પરંપરા અને પશ્ચિમી સૌન્દર્યશાસ્ત્રના સમન્વય દ્વારા સાહિત્યને જીવનની ઉદાત્ત વિશ્રાંતિ તરીકે પ્રસ્થાપિત કરે છે.

**મુખ્ય શબ્દો (Keywords):** વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રસવિચારણા, સૌન્દર્યબોધ, નિર્વિઘ્ના સંવિત્, તટસ્થતા, સંસ્કાર-સંવિત્, સાધારણીકરણ.

## ➢ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો પરિચય

વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી (૧૮૯૯–૧૯૯૧) ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિવેચક, ચિંતક અને સંનિષ્ઠ સારસ્વત હતા. તેમનો જન્મ ઉમરેઠમાં થયો હતો અને તેમણે વર્ષો સુધી સુરતની એમ.ટી.બી. કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. તેમણે 'વિવેચના' (૧૯૩૯), 'પરિશીલન' (૧૯૪૯), 'ઉપાયન' (૧૯૬૧) અને 'સાહિત્યસંસ્પર્શ' (૧૯૭૯) જેવા પાયાના વિવેચન ગ્રંથો આપ્યા છે. તેઓ ગોવર્ધનરામ ત્રિપાઠી અને આનંદશંકર ધ્રુવની ગંભીર અને તાત્ત્વિક વિવેચન પરંપરાના વારસદાર ગણાય છે. તેમના વિવેચન પર પશ્ચિમના ચિંતકો મેથ્યુ આર્નોલ્ડ અને બેનેડેટો ક્રોચેનો પ્રભાવ જોવા મળે છે. તેમને સાહિત્યનો સર્વોચ્ચ રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૪૪), સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર (૧૯૬૨) અને નર્મદ સુવર્ણચંદ્રક જેવા અનેક ગૌરવશાળી એવોર્ડ્સ પ્રાપ્ત થયા હતા. ૧૯૭૧માં તેમને ડી.લિટ.ની માનદ પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ➢ રસવિચારણાનો મૂળભૂત પરિચય

ભારતીય કાવ્યમીમાંસામાં 'રસ' એ સૌથી પ્રાચીન અને કેન્દ્રીય સિદ્ધાંત છે. રસવિચારણાનો અર્થ સાહિત્ય કે કલાકૃતિ વાંચતી વખતે કે જોતી વખતે પ્રાપ્ત થતા આસ્વાદ કે આનંદનું શાસ્ત્રીય વિશ્લેષણ કરવું એવો થાય છે.

**ભરતમુનિનું રસસૂત્ર**: રસવિચારણાનો પ્રારંભ ભરતમુનિના નાટ્યશાસ્ત્રથી થાય છે. તેમનું પ્રસિદ્ધ સૂત્ર છે: *"વિભાવ-અનુભાવ-વ્યભિચારી-સંયોગાદ્-રસનિષ્પત્તિઃ"* અર્થાત્ સ્થાયી ભાવ જ્યારે વિભાવ, અનુભાવ અને સંચારી ભાવો સાથે જોડાય છે ત્યારે રસની નિષ્પત્તિ થાય છે.

**રસનું સ્વરૂપ**: રસ એ મનુષ્યના હૃદયમાં રહેલા સુપ્ત સંસ્કારો કે ભાવોનું ઉદાત્ત સ્વરૂપ છે. તે લૌકિક આનંદથી પર એવો 'બ્રહ્માનંદ સહોદર' આનંદ માનવામાં આવે છે. વિવેચનમાં રસવિચારણાનો હેતુ કૃતિમાં રહેલા આ સૌંદર્યતત્ત્વ અને ભાવતત્ત્વને પારખવાનો હોય છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

### ❖ પ્રસ્તાવના: જીવન અને કલાનો અતૂટ સંબંધ

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના વિવેચન સાહિત્યમાં જીવન અને કલાના સંબંધોનું અત્યંત ગહન અને તાત્ત્વિક વિશ્લેષણ જોવા મળે છે. તેમના મતે કલા એ જીવનથી અળગી કોઈ પ્રવૃત્તિ નથી, પરંતુ જીવનનું જ એક સંસ્કૃત અને કલાત્મક રૂપ છે. તેમના મતે — સાહિત્યનું દરેક સ્વરૂપ, પછી તે ઊર્મિકાવ્ય હોય, આખ્યાન હોય, ટૂંકી વાર્તા હોય કે નવલકથા, તે મૂળભૂત રીતે જીવનમાંથી જ લેવાયેલી સામગ્રી છે. (પૃ. ૪૧) તેઓ જીવનને એક 'અસીમ સમુદ્ર' સાથે સરખાવે છે, જેમાં અગણિત નદીઓ સમાય છે અને અખાતો ભરાય છે. (પૃ.૪૧) આ જીવન-રૂપી દરિયામાં પાર વિનાના મોજાં, ભરતી-ઓટ અને પેટાળમાં ન દેખાતા અનેક પ્રવાહો વહેતા હોય છે. (પૃ.૪૧) જીવન પ્રવાહરૂપ હોવાથી તેમાં ગતિ તો છે, પરંતુ તે ગતિની દિશા કે સાર્થકતા સામાન્ય રીતે સ્પષ્ટ જણાતી નથી. (પૃ.૪૧)

સર્જકના સર્જનવ્યાપાર અંગે વિષ્ણુપ્રસાદ માને છે કે, જીવનને જ્યારે આપણે અમુક સમયમર્યાદામાં જોઈએ છીએ, ત્યારે તેમાં કોઈ નિશ્ચિત આકૃતિ, ઘાટ કે કેન્દ્ર દેખાતું નથી. પરંતુ, સર્જક પોતાની સંવેદના, મતિ, દૃષ્ટિ અને કલ્પના દ્વારા આ જીવન-સામગ્રીને એક 'ઈષ્ટ ઘાટ' આપે છે. માત્ર સર્જકની દૃષ્ટિ કે તેની પ્રતિભા જ જીવનના આ અસીમ પ્રવાહમાં ઘાટ જોઈ શકવા સમર્થ હોય છે. આપણા દૃષ્ટિબિંદુથી જ સતત ગતિશીલ કાળમાં પથરાયેલા જીવનને કોઈ તરેહ કે આકૃતિ પ્રાપ્ત થાય છે. જે સર્જક પાસે સંસ્કાર, શિક્ષણ અને કલ્પનાની સિદ્ધિ છે, તે પોતાની બુદ્ધિ કે પ્રજ્ઞાથી જીવનમાં અર્થ અને સાર્થકતા જુએ છે. સર્જક દ્વારા અપાયેલો આ ઘાટ અયથાર્થ કે ખોટો નથી; અનંત જીવનમાં એવો ઘાટ ધરી શકવાની ક્ષમતા અને શક્યતા હંમેશા રહેલી જ હોય છે. અમુક ચોક્કસ દૃષ્ટિકોણથી જોયેલું રહસ્ય કે આકૃતિ સમગ્ર જીવનનું પ્રતિનિધિરૂપ હોઈ શકે છે. (પૃ. ૪૧)

આમ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મતે કલા એ જીવનની અવ્યવસ્થિત સામગ્રીને સર્જકની પ્રજ્ઞા દ્વારા વ્યવસ્થિત કરી, તેને અર્થપૂર્ણ અને સૌંદર્યમય બનાવવાની પ્રક્રિયા છે. કલામાં જીવનના મૂલ્યો પ્રવેશે છે અને તે દ્વારા જ જીવનની સાચી સાર્થકતા પ્રગટ થાય છે.

❖ <u>વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની રસવિચારણા</u>

**૧. રસ, સૌન્દર્ય અને આનંદ વચ્ચેનો સૂક્ષ્મ ભેદ**

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમના લેખ "રસ, સૌન્દર્ય ને આનંદ" માં આ ત્રણેય તત્ત્વોના સ્વરૂપ અને તેમના પરસ્પર સંબંધોનું અત્યંત તાત્ત્વિક અને ગહન વિશ્લેષણ કરે છે. તેમના મતે સાહિત્યકૃતિના આસ્વાદ દરમિયાન આ ત્રણેય તત્ત્વો એકબીજા સાથે વણાયેલા હોવા છતાં તેમની અનુભૂતિની પ્રક્રિયા ભિન્ન છે.

તેઓના મતે આ ત્રણેયની વિભાવના નીચે મુજબ છે:

- **રસ**

રસ એ મૂળભૂત રીતે આસ્વાદરૂપ છે. કાવ્ય કે સાહિત્યના પ્રવાહ સાથે રસનો આસ્વાદ ઓછો-વધતો આહ્લાદક થાય છે, પરંતુ રસમાં એક નિશ્ચિત ક્રમ હોય છે. તે કૃતિની સાથે સમય (કાળ) માં પ્રવર્તે છે. આ રસને સમગ્ર કૃતિ સાથે સંબંધ હોવા છતાં, તે કૃતિના વિવિધ ઘટકોની સાથે રહીને એક વિશિષ્ટ ક્રમમાં પ્રગટ થાય છે. આ ક્રમના દરેક બિંદુએ તેની આગળ થઈ ગયેલા કૃતિ-અનુભવના સંસ્કારો ભેગા થાય છે અને આમ રસાનુભવમાં સંસ્કારોનું વિશિષ્ટ વહન ચાલ્યા કરે છે. (પૃ.૪૫)

- **સૌન્દર્ય**

રસમાં ક્રમ છે, પરંતુ સૌન્દર્ય કે રમણીયતામાં કોઈ ક્રમ નથી. કૃતિનું સૌન્દર્ય એ કૃતિના ગહન અધ્યયન કે અવગાહનને અંતે થતો 'યુગપત્ સાક્ષાત્કાર' (એકસાથે થતો અનુભવ) છે. તેમાં કાળનો ક્રમ કે મર્યાદા નથી હોતી. સૌન્દર્યબોધ એ કૃતિનો સમગ્ર વિમર્શ છે; તે મનને તલ્લીન કરી દેતી એવી વિશિષ્ટ અવસ્થા છે જેમાં કૃતિ અંગેના બધા જ સંવેદનો એકરૂપ થઈ જાય છે. સૌન્દર્યબોધ એ અખંડ, અક્રમ, સંપૂર્ણ અને સમન્વિત અવસ્થા છે. રમણીયતા એ રસના તત્ત્વને પચાવી લઈને ઉત્પન્ન થયેલી સ્થિતિ છે. રમણીયતા એ રસ કરતાં વધુ વ્યાપક પદાર્થ છે અને જ્યાં રસ ન હોય ત્યાં પણ સૌન્દર્ય સંભવી શકે છે. (પૃ. ૪૫-૪૭)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

- **આનંદ**

સાહિત્યનું પરમ પ્રયોજન આનંદ છે. આહ્લાદ અને આનંદનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સાહિત્યના પરામર્શમાં અનુભવાય છે. આનંદનું મૂળ કર્તાને ઈષ્ટ અને તેણે સિદ્ધ કરેલા અંત કે તાત્પર્યમાં રહેલું છે. જ્યારે સંવિત (ચેતના) અસાધારણ ચેતનમયતા, વ્યાપકતા અને વિશ્વમૈત્રી દાખવે છે, ત્યારે તે ઉત્કૃષ્ટ આનંદાનુભવ બને છે. કરુણ કૃતિઓમાં પણ અંગત રાગ-દ્વેષ પીગળી જઈને આત્મશુદ્ધિની મુદા (આનંદ) અનુભવાય છે.  જીવનના કોઈ અંતિમ કે સનાતન મૂલ્યના સ્ફુરણથી જ્યારે સાચો છૂટકારો અનુભવાય, ત્યારે તેને ખરી 'આનંદમય વિશ્રાંતિ' કે 'પ્રશમ' કહેવામાં આવે છે. ક્લાસિક (પ્રશિષ્ટ) કૃતિના સમગ્ર સૌન્દર્ય સાથે શાંતિ, પ્રસન્નતા, મૈત્રી અને પ્રીતિ જેવા તત્ત્વોને સમાવતો એક સૂક્ષ્મ અને સ્થિર આનંદ અવિનાભાવ સંબંધથી જોડાયેલો હોય છે. (પૃ. ૪૫, ૪૭)

આમ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મતે, **રસ** એ આસ્વાદની પ્રક્રિયા છે જે ક્રમશઃ વહે છે, **સૌન્દર્ય** એ આ પ્રક્રિયાને અંતે થતો સમગ્રતાનો અખંડ અનુભવ છે, અને **આનંદ** એ એવો પરમ સંતોષ કે વિશ્રાંતિ છે જે આ સૌન્દર્યબોધમાંથી નિષ્પન્ન થાય છે. આ ત્રણેયના યોગથી જ સાહિત્યકૃતિનો ભાવક સાથેનો સંબંધ પૂર્ણ થાય છે.

## ૨. રસસિદ્ધાંતમાં સાપેક્ષતા અને સંસ્કાર-સંવિત્

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમના નિબંધ 'રસના સિદ્ધાન્તમાં સાપેક્ષતા' (Relativity in the Theory of Rasa) માં ભારતીય રસશાસ્ત્રની સ્વાયત્તતા અને જીવન સાથેના તેના ઊંડા સંબંધોની અત્યંત તાર્કિક ચર્ચા કરે છે. તેમના મતે રસ એ કોઈ જડ સિદ્ધાંત નથી, પરંતુ તે ભાવક અને સર્જકના સંસ્કારો પર આધારિત એક સાપેક્ષ અનુભૂતિ છે. (પૃ.૪૯)

- **કલાની સ્વાયત્તતા અને જીવન સાથેનો સંબંધ**

તેઓ સ્વીકારે છે કે કલા 'અનન્યપરતંત્ર' છે, એટલે કે તેનું પ્રયોજન તેનાથી બહાર નથી. બ્રેડલીના શબ્દોમાં કહીએ તો, કાવ્ય એ તેની પોતાની રીતે એક સ્વતંત્ર અને સંપૂર્ણ દુનિયા છે. આ સ્વાયત્તતા હોવા છતાં, કાવ્ય અને જીવન વચ્ચે 'અંતઃસ્પર્શી સંબંધ' પુષ્કળ છે. કવિની વાણી અને ભાવકની કલ્પના એ બંને વચ્ચેના સંપર્કનું માધ્યમ બને છે. (પૃ. ૪૮)

➢ **ભાવકની સાપેક્ષતા અને સહૃદયતા**

તેઓના મતે, રસાસ્વાદમાં ભાવકની સંસ્કાર-સંપત્તિ અને ભાષાનું જ્ઞાન મહત્વનો ભાગ ભજવે છે. દાખલા તરીકે, કોઈ ભાવક મિલ્ટન કરતા વર્ડઝવર્થમાં વધુ રસ લે છે કારણ કે તેનું અંતઃકરણ તેને વધુ અનુકૂળ થાય છે. આ રસનો આસ્વાદ ભાવકની કલ્પનાશક્તિ, સંવેદનશીલતા (Sensibility) અને સમભાવની શક્તિ (Sympathy) ની અપેક્ષા રાખે છે. આપણો રસવાદ કેવળ ભાવકના અનુભવ પર જ નિર્ભર નથી, પરંતુ તેના પર દાર્શનિક મતો, નૈતિક પ્રણાલીઓ અને ધાર્મિક માન્યતાઓનો પણ પ્રભાવ હોય છે. (પૃ. ૪૯)

➢ **સંસ્કાર-સંવિત્ અને વાસના**

તેઓ કહે છે કે, રસ માટે વાચકમાં 'વાસના' (Instincts) ની અપેક્ષા હોય છે, જે પ્રાક્તન (જન્મદત્ત) અને ઈદાનીંતન (વર્તમાન) એમ બંને હોઈ શકે છે. ત્રિવેદીજી રસની નવી વ્યાખ્યા પ્રસ્તાવિત કરે છે: "વિભાવાદિથી વ્યક્ત થયેલો સંસ્કારસિદ્ધ સ્થાયી ભાવ તે રસ". સાહિત્ય નરી સાદી વાસનાઓને વિષય નથી બનાવતું, પરંતુ જે વાસનાઓમાં નૈતિક પ્રણાલીઓ અને દર્શનના વિચારો ભળ્યા છે તેવા 'સંસ્કારસિદ્ધ સ્વરૂપ' ને વિષય બનાવે છે. (પૃ. ૫૨)

➢ **રસાભાસ અને સામાજિક મર્યાદાઓ**

રસની નવી વ્યાખ્યા આપ્યા પછી તેઓ રસ અંગેની ગેરમાન્યતા અને સામાજિકની મર્યાદા અંગે ચર્ચા કરે છે. તેઓ કહે છે કે, અનૌચિત્યથી પ્રવર્તતો રસ એટલે ‘રસાભાસ’. તેઓ ટીકા કરે છે કે, આપણા આલંકારિકોએ રસાભાસની કલ્પના દ્વારા મનુષ્યસ્વભાવના યથાર્થ આલેખનની અવગણના કરી છે. સામાજિક ખ્યાલો અને નીતિના વિચારોને કારણે કલાનો પ્રદેશ સંકુચિત થઈ ગયો છે. દાખલા તરીકે, અધમ પાત્ર માટેની રતિને રસાભાસ ગણીને સાહિત્યમાં અસ્પૃશ્યતા જેવા સામાજિક રોગનો ચેપ લગાડવામાં આવ્યો છે. આજના સામાજિકના સંસ્કારો બદલાયા છે, તેથી મમ્મટ જેવા જૂના આલંકારિકોને જે રસાભાસ લાગતો હતો, તેમાં આધુનિક ભાવકને ખરો રસ પણ સમજાય તેવું બની શકે. (પૃ. ૫૧-૫૨)

➢ **રસનો વિકાસ અને નવીન ભાવો**

તેઓ રસના વિકાસ અને તેની ક્ષમતા વિશે પોતાના આ નિબંધમાં નોંધે છે કે, રસનિષ્પત્તિની ક્ષમતા સમય જતાં બદલાય છે અને વધુ સૂક્ષ્મ તથા ઉદાર બની શકે છે. જો કોઈ નવો ભાવ ઉચ્ચ કોટિએ પહોંચે તો તે રસનું સ્થાન લઈ શકે. લેખક 'દેશભક્તિ' ને આવા જ એક નવીન સ્થાયી ભાવ તરીકે ઓળખાવે છે જે આધુનિક સમયમાં દૃઢમૂલ થયો છે. (પૃ. ૫૪, ૫૭)

આમ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મતે રસ એ કેવળ પ્રાચીન શાસ્ત્રોના નિયમોમાં બંધાયેલી પ્રક્રિયા નથી, પરંતુ તે માનવ સંસ્કૃતિ અને સંસ્કારોના વિકાસ સાથે પરિવર્તન પામતું જીવંત તત્ત્વ છે. રસમાં રહેલી આ સાપેક્ષતા જ સાહિત્યને સમય જતાં વધુ ઉદાત્ત અને વ્યાપક બનાવે છે.

**૩. રસપરામર્શ-શક્તિની વિકાસક્ષમતા**

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમના નિબંધ 'રસપરામર્શ-શક્તિની વિકાસક્ષમતા ને સામાજિકની તટસ્થતા'માં અત્યંત મૌલિક વિચાર રજૂ કરે છે કે મનુષ્યનું રુચિતંત્ર અને રસ ગ્રહણ કરવાની શક્તિ કોઈ જડ કે સ્થિર વસ્તુ નથી, પરંતુ તે સતત પરિવર્તન પામતી અને વિકસતી પ્રક્રિયા છે. (પૃ.૫૪)

➢ **રુચિતંત્રનો વિકાસ (Evolution of Taste)**

તેઓ માને છે કે, આપણી 'રસપરામર્શ-શક્તિ' અથવા 'રસેન્દ્રિય' એક વિકસતી શક્તિ છે. હજાર વર્ષ પૂર્વે જે સ્વરૂપમાં રસાવબોધ થતો હતો, તે આજે બદલાયો છે અને ભવિષ્યમાં તેમાં હજુ વધુ પરિવર્તન આવશે. આવા ફેરફારો માટે યુગો લાગતા હોય છે. પચાસ વર્ષમાં કદાચ મોટો ફેરફાર ન જણાય, પણ બસો-પાંચસો વર્ષના ગાળે એ જ પ્રકારનો આનંદ પ્રાપ્ત થશે તેમ માનવું શંકાસ્પદ છે. આ વિકાસની સાથે તેમાં 'વિક્રિયા' (Regression) ની પણ સંભાવના છે. ઇતિહાસમાં એવા સમય પણ આવ્યા છે જ્યારે પ્રજાના મન પર અંધારપટ છવાઈ જાય છે અને ભક્તિ જેવા ઉમદા ભાવો પણ વિકૃત બની જાય છે. આ માટે, માનવીની રસેન્દ્રિય ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ, ઉદાર અને ઉદાત્ત બનવી જોઈએ. (પૃ.૫૪)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

- **રસાવબોધમાં અવરોધ અને 'નિર્વિઘ્ના સંવિત્'**

જ્યારે કોઈ કલાકૃતિ આપણી ચેતનામાં પ્રવેશ કરે ત્યારે તેમાં કોઈ પણ પ્રકારનું આંતરિક કે બાહ્ય વિઘ્ન ન હોવું જોઈએ; તેને જ તેઓ 'નિર્વિઘ્ના સંવિત્' કહે છે. આ માટે તેઓ 'પલ્લવી પરણી ગઈ' નાટકનું ઉદાહરણ આપી સમજાવે છે કે, જૂની પેઢીના માણસને કેટલીક બાબતો (જેમ કે નાની બહેનનું મોટી બહેન કરતા પહેલા પરણવું) માનસિક કલેશ આપી શકે છે. જો સામાજિક રૂઢિઓ કે લાગણીઓ દુભાય, તો તે રસના માર્ગમાં અવરોધ બને છે. જ્યારે ભાવકની યોગ્યતાની કે ઔચિત્યની બુદ્ધિ દુભાય છે, ત્યારે તેની તટસ્થતા જોખમાય છે અને રસભંગ થાય છે. (પૃ. ૫૪-૫૫)

- **નવીન સ્થાયી ભાવોનો સ્વીકાર**

તેઓ પોતાના અભ્યાસમાં નોંધે છે કે, ભારતીય રસમીમાંસકો પરંપરાના દાસ નહોતા; તેમણે સમય જતાં શાંત રસ કે વાત્સલ્ય રસ જેવા નવા ભાવો ઉમેર્યા છે. જો કોઈ નવો ભાવ ઉચ્ચ કોટિનો બને તો તે રસનું સ્થાન લઈ શકે છે. લેખક 'દેશભક્તિ'ને આવો જ એક નવો સ્થાયી ભાવ ગણાવે છે, જે રાજકીય સ્વાતંત્ર્યના કારણે હવે દૃઢમૂલ થયો છે. જૂના ચમત્કારોવાળા અદ્ભુત રસમાં હવે આધુનિક માનવીને રસ નથી, પરંતુ ગાંધીજી જેવી વ્યક્તિની જીવનગાથા આજે નવા પ્રકારનો 'અદ્ભુત' ભાવ જગાવી શકે છે. (પૃ. ૫૬-૫૭)

- **તટસ્થતાનો વિકાસ**

તેઓના મતે, તટસ્થતા એટલે જડતા નહીં, પરંતુ જે લાગણી રજૂ થઈ છે તેને સમજવાની સંપૂર્ણ ક્ષમતા રાખવી અને છતાં તેનાથી પર રહેવાની શક્તિ કેળવવી. નાટકમાં જ્યારે પાત્રોના ભાવોનું સાધારણીકરણ થાય છે, ત્યારે ભાવક મમત્વ કે દ્વેષ વિના તે પરિસ્થિતિનો આસ્વાદ લે છે. જ્યારે ચિત્ત શત્રુ-મિત્રના ભાવ વિના પોતાપણું અનુભવે છે, ત્યારે તે પોતાની સહજ ક્રિયાથી જ આનંદ અનુભવે છે, જે બાળકની નિષ્પ્રયોજન ક્રીડા જેવો હોય છે. (પૃ.૫૫-૫૬)

આમ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મતે રસપરામર્શ-શક્તિનો વિકાસ એ ભાવકની સહૃદયતા અને સર્જકની પ્રતિભા—બંનેના સંયુક્ત વિકાસ પર નિર્ભર છે. જેમ મનુષ્ય ઉદાર અને ઉદાત્ત બનશે, તેમ નાટ્યસર્જન અને તેના આસ્વાદના ધોરણો પણ ઉચ્ચતર બનતા જશે.

**૪. સામાજિકની તટસ્થતા**

નાટકના સંદર્ભમાં તેમણે 'તટસ્થતા'ને અનિવાર્ય ગણી છે. તેમના 'રસપરામર્શ-શક્તિની વિકાસક્ષમતા ને સામાજિકની તટસ્થતા' લેખમાં 'તટસ્થતા'ને રસાસ્વાદ માટેની એક અનિવાર્ય શરત તરીકે સ્થાપિત કરે છે. તેમના મતે, સાચો કલાનુભવ ત્યારે જ શક્ય બને છે જ્યારે ભાવક કે પ્રેક્ષક લૌકિક રાગ-દ્વેષથી પર થઈને કૃતિ સાથે જોડાય.

- **તટસ્થતાની વ્યાખ્યા અને સ્વરૂપ**:

તેઓ તટસ્થતા અંગેની વિભાવના એકદમ સ્પષ્ટ કરે છે કે, ‘તટસ્થતા’ એટલે સંવેદનહીનતા કે જડતા નથી. તટસ્થતા એટલે જે લાગણી રજૂ થઈ છે તેને સમજવાની સંપૂર્ણ ક્ષમતા અને સાથે જ તેનાથી 'પર' રહેવાની શક્તિ. આ એક એવી ચેતનાની નૈસર્ગિક અવસ્થા છે જે વ્યવહારમાં ભાગ્યે જ અનુભવાય છે, જેમાં ચેતનાના સ્વકીય ધર્મો બળપૂર્વક પ્રગટ થાય છે. (પૃ. ૫૫-૫૬)

- **ભાવ અને રસ વચ્ચેનો ભેદ**:

તેઓ સમજાવે છે કે, વ્યવહારમાં જ્યારે રામ સીતા માટે કે દુષ્યંત શકુંતલા માટે પ્રણય અનુભવે છે, ત્યારે તેમને 'ભાવ' હોય છે પણ 'રસ' (Aesthetic pleasure) નથી હોતો, કારણ કે તેમાં 'મમત્વ' (Personal attachment) રહેલું છે. નાટકમાં જ્યારે આપણે આ જ પ્રણય જોઈએ છીએ, ત્યારે આપણે પોતે પાત્ર (દુષ્યંત) બનતા નથી. જો ભાવક પાત્ર સાથે કેવળ તાદાત્મ્ય સાધીને પ્રણય અનુભવવા લાગે તો સ્ત્રી-પુરુષના ભેદને કારણે રસાસ્વાદમાં મુશ્કેલી ઊભી થાય. રસાસ્વાદ એ તટસ્થ આહ્લાદ છે જે પાત્રના દુઃખના પ્રસંગમાં પણ આનંદ આપે છે, કારણ કે ત્યાં ભાવકનું તાટસ્થ્ય જળવાયેલું હોય છે. (પૃ.૫૫-૫૬)

➢ **સાધારણીકરણ અને સંઘાતરૂપ અનુભવ**:

તેઓના મતે, રસની નિષ્પત્તિ કેવળ એક પાત્ર કે લાગણીમાં નહીં, પણ આખી પરિસ્થિતિના 'સંઘાત' (Whole situation) માંથી થાય છે. પરિસ્થિતિના દર્શનમાંથી આપણી પ્રાથમિક લાગણીઓનું જે સૂક્ષ્મ અને વ્યાપક (Ideal) સ્વરૂપ ઉદ્ભવે છે, તે હૃદયમાં ઊતરી જઈને આનંદ આપે છે. (પૃ.૫૫-૫૬)

➢ **તટસ્થતામાં અવરોધરૂપ પરિબળો**:

આગળ જણાવ્યું તેમ, રસાસ્વાદ માટે 'નિર્વિઘ્ના સંવિત્' હોવી અનિવાર્ય છે. જો નાટકનો કોઈ પ્રસંગ સામાજિકની ઔચિત્યબુદ્ધિ કે પરંપરાગત સંસ્કારોને ઠેસ પહોંચાડે, તો તટસ્થતા જોખમાય છે. દાખલા તરીકે, 'પલ્લવી પરણી ગઈ' નાટકમાં મોટી બહેનની ઉપરવટ જઈને નાની બહેનને તૈયાર કરવાની વાત જૂની પેઢીના સામાજિકને માનસિક કલેશ આપી શકે છે. આજના સમયમાં જો કોઈ ઉદાત્ત પાત્ર પ્રેમપૂર્વક પરણ્યું હોય અને છતાં બીજી સ્ત્રી માટે પ્રેમ દાખવે, તો આધુનિક ભાવકની સુરુચિને આઘાત લાગે છે અને રસાસ્વાદમાં અવરોધ ઊભો થાય છે. (પૃ.૫૫, ૫૭-૫૮)

➢ **તટસ્થતાનું પરિણામ - વિશ્રાંતિ**:

જ્યારે ચિત્ત મિત્ર, શત્રુ કે ઉદાસીનના ભાવ વિના પોતાપણું અનુભવે એટલે કે મમત્વ વિનાનું ચેતન અનુભવે, ત્યારે તે આનંદાનુભવ કરે છે. ઈશ્વરની સૃષ્ટિની જેમ જેમાં 'મારા-તારા' ના ભાવ વિનાની કેવળ લીલારૂપ સ્થિતિ હોય તે જ સાચો આનંદ આપે છે. આ તટસ્થ આસ્વાદ અંતે 'વિશ્રાંતિ' કે 'પ્રશમ' માં પરિણમે છે.

આમ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મતે સામાજિકની તટસ્થતા એ કેવળ કલાત્મક અંતર નથી, પરંતુ એક એવી ઉદાત્ત માનસિક ભૂમિકા છે જ્યાં વ્યક્તિ પોતાના અંગત પૂર્વગ્રહો અને સંસ્કારગ્રંથિઓથી મુક્ત થઈને વિશ્વમૈત્રી અને વ્યાપક ચેતનાનો અનુભવ કરે છે. આ તટસ્થતાના વિકાસમાં જ તેઓ રસપરામર્શ-શક્તિનો સાચો વિકાસ જુએ છે.

## ઉપસંહાર

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની રસવિચારણા એ કેવળ શાસ્ત્રીય ચર્ચા નથી, પરંતુ જીવનમૂલ્યો સાથે વણાયેલી કલા-દર્શનની પ્રક્રિયા છે. તેઓ સાહિત્યને 'સ્વાયત્ત' માનવા છતાં જીવન સાથેના તેના 'અંતઃસ્પર્શી સંબંધ'ને સ્વીકારે છે. તેમના મતે ઉત્તમ આનંદનો આધાર પ્રકાશ, પ્રીતિ અને માધુર્યના વિસ્તારમાં રહેલો છે. સમગ્રપણે જોતાં, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી એક એવા વિવેચક તરીકે ઉભરી આવે છે જેમના માટે સાહિત્ય એ કેવળ શબ્દોની રમત નથી, પરંતુ આત્માની શુદ્ધિ અને વિશ્વમૈત્રીનો માર્ગ છે. તેમની રસવિચારણા આજે પણ એટલી જ પ્રસ્તુત છે કારણ કે તે ભાવકને કેવળ આનંદ જ નહીં, પણ એક ઉદાત્ત જીવનદૃષ્ટિ પૂરી પાડે છે.

**સંદર્ભગ્રંથ:**

ત્રિવેદી, વિષ્ણુપ્રસાદ. *'વિદ્યાપ્રસાદ'.* સંપા. જયંત પાઠક. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. પ્રથમ આવૃત્તિ – ૧૯૯૯.